ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0







સતર્કતા - કેન્દ્ર અને રાજ્ય સરકારની અપીલને પગલે શહેરના નાગરિકોમાં સતર્કતા અનુભવાઈ રહી છે... શુક્રવારના દિવસ દરમિયાન ચ-માર્ગ અને જ-માર્ગ પર વાહનચાલકો માસ્ક બાંધીને નજરે ચડતા હતા... અત્યારે તો સંભવિત આગમનને પગલે કોરોનાથી ડર નહિ પણ સતર્કતા જ જરૂરી છે... એ ગાંધીનગરમાં દેખાઈ રહી છે... આવો આવનારા દિવસોના પડકારોને ઝીલવાનો સરળ ઉપાય આપણે અપનાવીએ... માસ્ક લગાવીએ...

# મંત્રી બલવંતસિંહ રાજપૂતે પગાર અને ભથ્થાં લેવા ઈન્કાર કર્યો

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત વિધાનસભાના કરોડપતિ ધારાસભ્યો પગાર અને ભથ્થાં નહીં લેવાની જાહેરાત કરી રહ્યાં છે. પહેલાં ભાજપના દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક અને હવે રાજ્યના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે પણ પગાર અને ભથ્થાં નહીં લેવાની જાહેરાત કરી છે.

અમીર પ્રતિનિધિઓ પગાર લેવાનો ઈક્રાર કરી રહ્યાં છે. જો કે ૧૮૧ પૈકી માત્ર બે જ ધારાસભ્યોએ આ જાહેરાત કરી છે. કેબિનેટ મંત્રી બળવંતસિંહે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી પગાર અને ભથ્થાં નહીં સ્વિકારવાની જાહેરાત કરી છે.

આર્થિક રીતે સમૃદ્ધ મંત્રી ઉત્તર ગુજરાતના સિદ્ધપુરમાંથી ચૂંટાઈને આવ્યા છે. કોંગ્રેસમાંથી તેઓ બે વખત ચૂંટણી જીત્યા છે. ૨૦૨૨ની ચૂંટણીમાં તેઓ કોંગ્રેસને ચંદનસિંહ ઠાકોરને હરાવી ધારાસભ્ય બન્યાં છે. તેમને પહેલીવાર કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. તેમણે ચૂંટણી એફિડેવિટીમાં ૩૨૭ કરોડની મિલકતો જાહેર કરી છે.

આ અગાઇ આઠમી વખત વિધાનસભામાં ચૂંટાઈને ધારાસભ્ય બનેલા દ્વારકાના પબુભા માણેકે પણ પગાર અને ભથ્થાં લેવાનો ઈક્રાર કર્યો છે. તેમણે



તેમની પાસે ૧૧૫ કરોડની સંપત્તિ હોવાનું એફિડેવિટમાં જણાવ્યું છે. એટલે કે તેઓ કરોડપતિ ધારાસભ્ય છે. તેમની પાસે ૧૭ વાહનો છે.

રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહે મુખ્યમંત્રીને પત્ર લખી તેની નકલ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને મોકલી આપી છે.

# પ્રિકોશન ડોઝ લેવા માટે શહેરીજનોની સંખ્યા વધી

## ગ્રામ્ય વિસ્તારમાં હજુ લોકો ઉદાસીન છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના પ્રિકોશન ડોઝના વેક્સીનેશનની કામગીરીમાં ગતિ આવી છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં હજુ પણ લોકોમાં ઉદાસીનતા જોવા મળી રહી છે.

છેલ્લા ૪ દિવસમાં શહેરમાં ૬૩૦ થી વધુ લોકોને આવરી લેવામાં તંત્ર સફળ રહ્યુ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૧૦ લોકોને જ આવરી લેવામાં તંત્રને સફળતા મળી છે.

કોરોનાના નવા વેરિએન્ટ્સના દસ્તકને પગલે વેક્સીનેશન અભિયાન સઘન બનાવવા પર સરકારે પણ ભાર મુક્યો છે ત્યારે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આ અભિયાન સઘન બને તે માટે અલાયદો રોડમેપ તૈયાર કરવાની કવાયત તંત્રના અધિકારીઓએ કરવી પડશે.

કોરોના વેક્સિનેશનના પ્રિકોશન ડોઝની કામગીરી જિલ્લામાં ૫૫ ટકા જેટલી જ થઈ છે ત્યારે આ કામગીરી વધુ અસરકારક બને એટલુ જ નહિ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય અને કોરોના ગાઈડલાઈનના અસરકારક અમલીકરણ માટે પણ તંત્રએ અલાયદા પગલાંઓ લેવા પડશે.

ટેસ્ટીંગના પ્રમાણમાં જે ઘટાડો આવ્યો છે તેને વધારવા માટે આજે સૂચનાઓ આપવામાં આવી છે. જેલ્લામાં લગ્નસરા અને પર્વોના દિવસો આવી રહ્યા છે તંત્રએ સતર્કતા સાથે લોકો સાવચેત

# કોરોનાના નવા વેરિએન્ટને પગલે તંત્ર હાઈ એલર્ટ પર

## કલેક્ટર, ડી.ડી.ઓ.એ અલગ-અલગ બેઠક કર્યા બાદ જિલ્લાતંત્રએ પણ તમામ બ્લોકના તબીબોને સતર્ક કર્યા

ગાંધીનગર, તા. ૨૩

કોરોનાના નવા વેરિએન્ટસ્‌ને લઈ જિલ્લાતંત્ર એલર્ટ મોડમાં આવી ગયુ છે. આજે જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી.કે. તથા જિલ્લા વિકાસ અધિકારીએ બે કલાકના ગાળામાં જ બે અલગ-અલગ બેઠકો યોજી તંત્રને સતર્ક રહેવા તાકીદ કરી હતી. આ પછી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી વૈષ્ણવ તથા અધિક જિલ્લા આરોગ્ય અધિકારી નાયકે તમામ પી.એચ.સી., સી.એચ.સી., ખાનગી તબીબો, તાલુકા આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક યોજી પરિસ્થિતિ પર સતર્કતા સાથે નજર રાખવા જણાવ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા પંચાયત ખાતે અને જિલ્લા કલેક્ટરે કલેક્ટર ઓફિસ ખાતે બેઠક યોજી હતી. જિલ્લાના આરોગ્ય અધિકારીઓએ ઝૂમ એપની મદદથી જિલ્લાના તબીબો સાથે બેઠક કરી હતી.

આમ તો જિલ્લામાં નવા વેરિએન્ટને લઈ ગઈકાલે સિવિલ હોસ્પિટલમાં બેઠક મળી હતી અને એ પછી આજે સિવિલ હોસ્પિટલમાં મોકડ્રીલ પણ કરાઈ હતી.

જિલ્લામાં હજુ નવા વેરિએન્ટનો એક પણ કેસ નોંધાયો નથી. આ બધી બેઠકોમાં ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા પર તેમજ વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો.

કોવિડ-૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી તા. ૨૩-૧૨-૨૨ના રોજ કલેક્ટર ડી.કે. પ્રવિણા અને જિલ્લા વિકાસ અધિકારી સુરભી ગૌતમની અધ્યક્ષતામાં કોવિડ-૧૯ અટકાયત અને નિયંત્રણ માટેની પૂર્વ તૈયારીના ભાગરૂપે મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં આરોગ્ય શાખા જિલ્લા પંચાયતના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ.જે. વૈષ્ણવ તેમજ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ગૌતમ નાયક, જિલ્લા સર્વેલન્સ



અધિકારી, જિલ્લા ક્વોલિટી એશ્યોરન્સ અધિકારી તેમજ સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સી.ડી.એમ.ઓ. તેમજ આર.એમ.ઓ. સાથે હાલની કોવિડ-૧૯ની પરિસ્થિતિની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને આગામી સમયમાં કોરોના નિયંત્રણ માટેની

● અનુસંધાન પાન-૭ પર

# કેબિનેટના મંત્રીઓનો અંગત સ્ટાફ રાખવામાં સાવચેતી રાખવા સૂચના

## ગઇ સરકારમાં કરપ્શનની ફરિયાદો વધી હતી તેથી મંત્રીઓની ઓફિસમાં એવા અધિકારી-કર્મચારીને મૂકાશે કે જેઓ કટકી કરી ન શકે

ગાંધીનગર

ગુજરાતમાં નવી સરકારની રચના પછી કેબિનેટ મંત્રીઓની ચેમ્બરમાં મંત્રીઓના માનિતા નહીં પણ એવા અધિકારી કે કર્મચારીને નિયુક્ત કરવામાં આવશે કે જેઓ કટકી કે કરપ્શન કરે નહીં. ભાજપના હાઇકમાન્ડની સૂચના પ્રમાણે મંત્રીઓનો અંગત સ્ટાફ મૂકવામાં આવે તેવો નિર્દેશ મળ્યો છે.

ગઈ સરકારમાં મંત્રીઓને ચેમ્બરમાં કરપ્શન તેમજ વહાલા-દવલાંને મદદ કરવાની ફરિયાદો વધી હતી તેથી આ વખતે હાઇકમાન્ડની સૂચના પ્રમાણે પ્રામાણિક સ્ટાફને મૂકવામાં આવશે. સ્વર્ણિમ સંકુલમાં બેસતા મંત્રીઓના અંગત સચિવ અને અંગત મદદનીશની નિયુક્તિ પહેલાં અધિકારીઓ તેમજ અંગત સ્ટાફની યાદી બનાવવામાં આવશે.

સચિવાલયમાં આવેલા સ્વર્ણિમ-૧ સંકુલમાં મુખ્યમંત્રી અને કેબિનેટના મંત્રીઓ તેમજ સ્વર્ણિમ-૨ સંકુલમાં રાજ્યકક્ષાના મંત્રીઓની ચેમ્બર આવેલી છે. કેબિનેટની શપથવિધિ પછી સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે મંત્રીઓ તેમની પસંદગીનો અંગત સ્ટાફ રાખતા હોય છે પરંતુ નવી કેબિનેટમાં આવી સત્તા આપવામાં આવશે નહીં. રાજ્યમાંથી આવતા મુલાકાતીઓ, ધારાસભ્યો તેમજ સંસદસભ્યોને સાચવી શકે અને તેમના પ્રશ્નો સમજી શકે તેવો સ્ટાફ મૂકવામાં આવશે. અનુભવી અને પ્રામાણિક અધિકારી કે અંગત કર્મચારી પસંદ કરવાનો આગ્રહ રાખવામાં આવશે. ભાજપની રૂપાણી સરકારમાં મંત્રીઓને પોતાની પસંદગીનો સ્ટાફ રાખવાની છૂટ હતી પરંતુ તેમના પછી આવેલી ભૂપેન્દ્ર પટેલની સરકારમાં મંત્રીઓને આવો અધિકાર આપવામાં આવ્યો ન હતો, પરંતુ સંગઠને પસંદ કરેલા સ્ટાફ પૈકી કેટલાક કરપ્ટ અને માનિતાને ફાયદો કરાવ્યો હોય તેવા કર્મચારીઓ આવી ગયા હતા, જેના કારણે સરકારની બદનામી થઈ હતી. હવે હાઇકમાન્ડની સૂચનાથી મંત્રીઓનો સ્ટાફ નક્કી કરાશે. એટલું જ નહીં વર્ગ-૪ના કર્મચારીઓ પણ પસંદગીના આપવામાં આવશે.

આ માટે જીએડીમાં અંગત સચિવ માટેની યાદી તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે જ્યારે પાર્ટી સંગઠનને અંગત મદદનીશ માટેની યાદી તૈયાર કરવાનું કહેવામાં આવ્યું છે.

# અમીત શાહ આજે મહુડી તીર્થમાં દર્શન કરશે

ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ ૨૪મીએ માણસા તાલુકાના પ્રવાસે આવી રહ્યા છે અને આ અંગે તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી પિલવાઈ હાઈસ્કૂલના ૯૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં સારે ૧૧ વાગે હાજરી આપશે. આ ઉપરાંત બપોરે ૧ વાગે મહુડી જૈન મંદિર ખાતે દર્શન કરવા જશે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પછી પ્રથમવાર શાહ પોતાના વતનના તાલુકાના પ્રવાસે આવી રહ્યા હોવાથી તાલુકાવાસીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# શહેરના વન આરક્ષિત વિસ્તારમાં તુટેલી ફેન્સીંગના ગાબડા પુરવા કામગીરી હાથ ધરાશે

## વનતંત્રએ સર્વે કરી કામ માટે દરખાસ્ત કરી છે. મંજુરીના અંતે વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગનુ કામ હાથ ધરાશે : ફેન્સીંગ તુટેલી હોવાથી વન વિસ્તારમાં ઠેર ઠેર ગંદકી, દબાણો અને રખડતા ઢોરનો અડ્ડો

ગાંધીનગર તા ૨૩

શહેરના મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેકટરોના એપ્રોચ આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં ઠેર ઠેર દબાણો વધ્યા છે. ઝુંપડા અને લારી ગલ્લાના વધતા દબાણો વચ્ચે રખડતા ઢોર માટે પણ વન વિસ્તાર આશ્રય સ્થાન બન્યુ છે. આ સ્થિતિ વચ્ચે વન વિસ્તારની ફેન્સીંગમાં અનેક ઠેકાણે ગાબડા જોવા મળી રહ્યા છે. વન વિસ્તારની ફેન્સીંગને યોગ્ય કરવા માટે વનતંત્રએ દરખાસ્ત કરી છે. જયારે સર્વેના અંતે કરવામાં આવેલી આ દરખાસ્તના અંતે કામ મંજુરી થયા બાદ ટુંકમાં ફેન્સીંગના ગાબડા પુરવા તંત્ર કામે લાગશે.

ગાંધીનગર શહેરના ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં દબાણોની ભરમાર જોવા મળે છે. જયારે છેલ્લા ઘણાં સમયથી વન આરક્ષિત વિસ્તારની સફાઇ પણ કરવામાં આવી નથી જેમાં ઠેર ઠેર કચરાના ઢગ પણ અસ્તિત્વમાં આવ્યા છે. વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં હોવાથી આ વિસ્તારમાં દબાણોની સંખ્યા વધવાની સાથે રખડતા ઢોર માટે પણ અડ્ડો બની ગયો છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી વન વિસ્તારની સફાઇ તેમજ તુટેલી ફેન્સીંગને યોગ્ય કરવા માટે પણ સ્થાનિકો રજુઆત કરી રહ્યા છે. આમછતા લાંબા સમયથી કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. ગત વરસાદી દિવસોમાં પણ શહેરના વન આરક્ષિત વિસ્તાર સહીત ખુલ્લી જગ્યામાં નવા રોપાઓની વાવણી કરવા માટે વનતંત્ર દ્વારા ખાડા ખોદીને નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જો કે વન વિસ્તારમાં દિવસ જાય તેમ દબાણોની સંખ્યા વધતી જાય છે. આ સ્થિતિ વચ્ચે વન વિસ્તારમાં સફાઈ પણ થતી નથી આ ઉપરાંત રખડતા ઢોર પણ ગમે ત્યારે વન વિસ્તારમાં ઘુસી જાય છે. આવા સંજોગોમાં વન વિસ્તારની હરિયાળી સામે ખતરો મંડરાયો છે. આ સ્થિતિને અનુલક્ષીને વનતંત્ર દ્વારા શહેરમાં વન વિસ્તારની ફેન્સીંગમાં જે ઠેકાણે ગાબડા હોય તેને પુરવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવશે આ ઉપરાંત શહેરના વન વિસ્તારમાં જરૂર જણાંય ત્યાં નવેસરથી ફેન્સીંગ કરવા માટે પણ આયોજન કરાયુ છે. આ મામલે વનતંત્રએ દરખાસ્ત તૈયાર કરીને વિભાગને મોકલી દીધી છે. આ કાર્યયોજનાને અનુલક્ષી ખર્ચની ફાળવણી

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા હવેથી આવાસોના મામલે લાભાર્થી પાસેથી વહીવટી ચાર્જ નહીં વસૂલે

## પ્રતિક્ષા યાદીના લાભાર્થીને ડિપોઝિટ ની પુરી રકમ પરત કરાશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ વિસ્તારમાં નવા આવાસોનું નિર્માણ કરવામાં આવે છે ત્યારે આવાસોને અનુલક્ષી લાભાર્થીનું નામ ડ્રોમાં આવ્યુ ન હોય પરંતુ પ્રતિક્ષા યાદીમાં યાદીમાં સમાવિષ્ટ હોય તેવા કિસ્સામાં આવા લાભાર્થી કોઇ કારણથી મળેલું આવાસ પરત કરવા ઈચ્છે ત્યારે વહીવટી ચાર્જ વસૂલાશે નહીં અલબત્ત .નોંધણી વેળાએ ગુડા દ્વારા વસૂલ કરવામાં આવતી ડિપોઝીટની પુરી રકમ લાભાર્થીને મળશે

આર્થિક નબળા વર્ગના, ઓછી આવક ધરાવતા અને મધ્યમ આવક ધરાવતા પરિવારોને ઘરનું ઘર મળે તેના માટે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા અફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ અમલમાં મુકવામાં આવેલી છે. તેના અંતર્ગત ઘર મેળવવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ સરકાર કક્ષાએથી કરાયેલી જોગવાઇ મુજબ લાભાર્થીએ ડિપોઝીટની રકમ ભરવાની ફરજિયાત હોય છે. આવાસ માટે ડ્રો કરવામાં આવે અને અરજદારને તેમાં મકાન લાગી જાય તો કોઈ પ્રક્રિયા કરવાની રહેતી નથી. પરંતુ લાભાર્થીનું નામ ડ્રોમાં નહીં નીકળવાના સંજોગોમાં તેઓ પછીની યોજનામાં આવાસ મેળવવા માંગતા હોય તો તેમનુ નામ પ્રતિક્ષા યાદીમાં રાખવામાં આવે છે અને તેમના દ્વારા ભરવામાં આવેલી ડિપોઝીટની રકમ ગુડા હસ્તક જમા રાખવામાં આવે છે

● અનુસંધાન પાન-૭ પર

# તંત્ર પ્રજાભિમુખ બની વિકાસના કામોમાં ગતિ આવે તેવો કારોબારીના સભ્યોનો સૂર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ કારોબારી સમિતિની બેઠકમાં પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે સભ્યોએ આગ્રહ કર્યો હતો તેમજ વીજમાસ્ક અંગે ઝડપથી યુજીવીસીએલ સાથે બેઠક યોજી અટવાયેલા આ પ્રશ્નોનો ઉકેલ લાવવા જણાવવામાં આવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમની ઉપસ્થિતિમાં મળેલ કારોબારી બેઠકમાં અધિકારીઓ દ્વારા ક્ષેત્રીય કચેરીઓની મુલાકાતો લેવામાં આવે તે મુદ્દો પણ ઉપસ્થિત કરવામાં આવ્યો હતો.

આજે મળેલ કારોબારી બેઠકમાં વિકાસના કામોમાં ગતિ આવે તે માટે પણ સભ્યોએ રજુઆત કરી હતી. આ બેઠકમાં સંકુલમાં આવેલી પાણીની ટાંકીઓમાં વૉટર લેવલ કંટ્રોલ સેન્સર લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સેન્સર લગાવવાથી પાણીનો થતો વેડફાટ અટકશે.

આ બેઠકમાં ટોઈલેટ્સના સમારકામનો મુદ્દો પડતો મુકવામાં આવ્યો હતો. સંકુલ જર્જરિત થયેલુ હોવાથી અને નોનયુઝ કરવાની ભલામણને પગલે આ અંગે કોઈ ખર્ચ નહિ કરવો જોઈએ તેવી સભ્યોની લાગણીનો સ્વીકાર કરી આ મુદ્દો પડતો મુકવામાં આવ્યો હતો.

ચેરમેન અનિલ પટેલે જણાવ્યુ હતુ કે વિકાસના કામોની ગતિ વધે તેમજ વહીવટીય અને તાંત્રિક મંજૂરીઓની પ્રક્રિયાનું સરળીકરણ થાય તે જરૂરી છે એટલે આજની બેઠકમાં આ મુદ્દે તાલુકાકક્ષાએ જરૂરી સૂચનાઓ આપવા માટે કહેવામાં આવ્યુ છે.

કારોબારી સમિતિની બેઠક અર્ધા કલાકમાં જ પૂર્ણ થઈ જવા પામી હતી.

# શહેરમાં મહત્તમ પારો પણ ૩ ડીગ્રી ગગડ્યો

## આજે મહત્તમ તાપમાન પણ ૨૭ ડીગ્રીએ આવી ગયુ : ઘણાં સમય બાદ દિવસના તાપમાનમાં નોંધપાત્ર ગિરાવટ : ડિસેમ્બરના અંતિમ દિવસોમાં હવે ઠંડીનુ જોર વધશે



ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીનુ જોર વધી રહ્યુ છે. જયારે છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ગગડીને સિંગ્લ ડીઝીટ નજીક આવી ગયા બાદ હવે મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ગિરાવટ જોવા મળી રહી છે. ગઈકાલે ઠંડીનો પારો ૧૨ ડીગ્રી નજીક આવી ગયો હતો. જયારે આજે ઠંડીનુ જોર આંશિક ઘટયુ છે. પરંતુ દિવસનુ તાપમાન ૩ ડીગ્રી નીચે ઉતરી ગયુ છે. જેના લીધે અત્યાર સુધી દિવસે ઉનાળા જેવી આકરી ગરમી અનુભવતા નગરજનોને રાહત થઈ હતી. આજે મહત્તમ તાપમાન ૩ ડીગ્રી નીચે ઉતરીને ૨૭ ડીગ્રીએ આવી ગયુ હતુ. છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં પણ ઠંડીના પારાની જેમ ૫ ડીગ્રીનો તફાવત નોંધાયો છે.

શિયાળાની મોસમના પ્રારંભિક તબક્કે ઠંડીનો પારો સડસડાટ વધ્યો હતો. અલબત્ત ઠંડી શરૂ થતા જ લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટ નજીક પહોંચી ગયુ હતુ જયારે થોડા દિવસો ઠંડીનો અહેસાસ થયા બાદ વાદળિયા વાતાવરણના અંતે અચાનક જ મોસમનો મિજાજ બદલાયો હતો. લઘુત્તમ તાપમાન ઉપર આવતા ધીમે ધીમે ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. જેના અંતે ઠંડીનો પારો ૧૮ થી ૨૦ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયો હતો આ સ્થિતિ વચ્ચે નગરજનોએ દિવસે ઉનાળા જેવી આકરી ગરમી અનુભવી હતી જયારે રાત્રિના સમયે પણ ગરમ કપડા પહેરવાનુ ટાળ્યુ હતુ. ઠંડીનુ જોર ઘટી જતા શિયાળાની મોસમનો બદલાતો મિજાજ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. જો કે છેલ્લા ત્રણ દિવસથી મોસમમાં ફરી એકવાર નોંધપાત્ર બદલાવ જોવા મળી રહ્યો છે. ડિસેમ્બર મહીનો પુરો થવા આવ્યો છે. ત્યારે ઠંડી હજુ આકરા મિજાજમાં નથી પરંતુ છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનો મિજાજ ઉગ્ર બની રહ્યો છે. જેના લીધે પાંચ દિવસમાં જ લઘુત્તમ તાપમાનમાં ૬ થી ૭ ડીગ્રીની ચઢઉતર જોવા મળી છે. જો કે ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીના પ્રમાણમા આંશિક ઘટાડો અનુભવાયો હતો પરંતુ બીજીતરફ દિવસનુ તાપમાન ગગડયુ હતુ. અલબત્ત મહત્તમ તાપમાન ગઈકાલે ૨૯.૮ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે મહત્તમ તાપમાનમાં ૩ ડીગ્રી ગિરાવટ જોવા મળી છે. આજે દિવસનુ તાપમાન ૨૭ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. જેના લીધે દિવસે ગરમીમાં નગરજનોએ રાહત અનુભવી હતી. ઠંડીનો પારો સતત ચઢ ઉતર કરી રહ્યો છે. ત્યારે ડિસેમ્બરના અંતિમ દિવસોમાં ઠંડી વધુ આકરી બને તેમ પણ હવામાન તજજ્ઞો માની રહ્યા છે.

**ઠંડીનુ જોર ઘટી જતા શિયાળાની મોસમનો બદલાતો મિજાજ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. જો કે છેલ્લા ત્રણ દિવસથી મોસમમાં ફરી એકવાર નોંધપાત્ર બદલાવ જોવા મળી રહ્યો છે**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com